# જિલ્લા પંચાયતના કર્મચારીઓ મનફાવે ત્યારે કચેરીએ આવે છે

**સરપ્રાઈઝ** ચેકિંગમાં કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલ ચોંકી ગયા

**ગેરહાજર** કર્મચારીઓ સામે કાર્યવાહીનો સંકેત

### ગ્રામ્ય વિસ્તારથી આવતા અરજદારોને રાહ જોવી પડે છે



અહીં દરરોજ મોટી સંખ્યામાં અરજદારો અને ગ્રામજનો આવતા હોય છે. કર્મચારીઓ સમયસર હાજર ન રહેતા તેમણે રાહ જોવી પડે છે અને સામાન્ય વહીવટી કામોમાં પણ વિલંબ સર્જાય છે. આ મુદ્દે અગાઉ પણ અનેક વખત રજૂઆતો અને ફરિયાદો થઈ હોવા છતાં સ્થિતિમાં ખાસ સુધારો જોવા મળ્યો ન હતો.

સુરતઃ જિલ્લા પંચાયતના કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલે આજે સવારે અચાનક સરપ્રાઈઝ ચેકિંગ કરતાં નિયત સમય બાદ પણ અનેક કર્મચારીઓ કચેરીમાં હાજર ન હોવાનું સામે આવતાં તેમણે નારાજગી વ્યક્ત કરી હતી.

જિલ્લા પંચાયત કચેરીમાં કર્મચારીઓનો હાજરીનો સત્તાવાર સમય સવારે 10:30 વાગ્યાનો છે. તેમ છતાં સવારે લગભગ 11 વાગ્યા સુધી પણ અનેક વિભાગોની કેબિનો અને ખુરશીઓ ખાલી જોવા મળી હતી. આ દૃશ્ય જોઈ કારોબારી અધ્યક્ષ બ્રિજેશ પટેલે સ્થળ પર જ અધિકારીઓ પાસેથી વિગતો મેળવી હતી અને કર્મચારીઓની હાજરી અંગે માહિતી માંગતા સમગ્ર સ્ટાફમાં દોડધામ મચી ગઈ હતી. કારોબારી અધ્યક્ષ તરીકેનો કાર્યભાર સંભાળ્યા બાદ બ્રિજેશ પટેલે પ્રથમ વખત જ સરપ્રાઈઝ ચેકિંગ કરીને સ્પષ્ટ સંદેશ આપ્યો છે કે હવે સમયપાલન બાબતે કોઈપણ પ્રકારની બેદરકારી સહન કરવામાં આવશે નહીં. બ્રિજેશ પટેલે જણાવ્યું હતું કે સરકારી કચેરીઓ લોકોની સેવા માટે છે અને કર્મચારીઓએ પોતાની ફરજ પ્રત્યે જવાબદારી સાથે વર્તવું જરૂરી છે. સમયસર હાજરી અને કામગીરીમાં પારદર્શિતા જાળવવાથી જ સામાન્ય નાગરિકોને ઝડપી અને અસરકારક સેવાઓ મળી શકે છે. તેથી તમામ કર્મચારીઓને સમયનું પાલન કરવાની તેમજ ફરજમાં બેદરકારી ન દાખવવાની સૂચના આપવામાં આવી છે.

# હલધરૂના તલાટી-ઓપરેટર લાંચ લેતા રંગેહાથે ઝડપાયા

**આકારણી** કરવા માટે રૂ.7500ની લાંચ લેતા એ.સી.બી.ની કાર્યવાહી





કામરેજઃ હલધરૂ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા તલાટી કમ મંત્રી તેમજ કોમ્પ્યુટર ઓપરેટર પંચાયતની હદમાં બનતા નવાં બાંધકામોના રહેણાક મકાનની આકારણી કરવા માટે રૂ.7500ની લાંચ લેતાં ગ્રામ પંચાયત કચેરીમાં એ.સી.બી.ના હાથે ઝડપાયા હતા.

કામરેજની હલધરૂ ગ્રામ પંચાયતમાં ફરજ બજાવતા 43000 રૂપિયાના પગારદાર એવા તલાટી કમ મંત્રી ભરત બજુ વાળા (ઉં.વ.35) નવા બાંધકામ કરવામાં આવેલાં રહેણાક મકાનોની આકારણી કરી આપવા માટે રૂ.7000થી રૂ.14000ની માંગણીઓ કરતાં હોવાની ફરિયાદ લાંચરૂશ્વત વિભાગને મળતાં સોમવારે સુરત ગ્રામ્ય એ.સી.બી. દ્વારા લાંચના છટકાનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ લાંચના છટકામાં ગ્રામ પંચાયતમાં તલાટી ભરત વાળા નવા બાંધકામના રહેણાક મકાનની આકારણી કરવા માટે રૂ.7500ની માંગણી કરતાં સુરત એ.સી.બી. હાથે ઝડપાઈ ગયા હતા. સાથે સાથે કરાર આધારિત કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરતો નિખિલ સંજય ભાલિયા પણ ઝડપાઈ ગયો હતો. આ સમાચાર વાયુવેગે તાલુકા તેમજ જિલ્લા તલાટીઓમાં ફેલાઈ જતાં ફફડાટ વ્યાપી ગયો હતો.

# સોનગઢમાં લાકડાં ચોરોનો પીછો કરતાં અકસ્માતમાં RFOનું મોત

**અકસ્માતમાં** બેનાં મોત થતાં વન વિભાગનાં કર્મચારીઓ શોકનો માહોલ



વ્યારા, સોનગઢઃ તાપીમાં ખેરનાં લાકડાની તસ્કરી કરતી કાર તેમજ લાકડાં ભરીને જતી કારનો પીછો કરી રહેલા RFOની કાર રોડ પર ઊભેલા કન્ટેનર સાથે અથડાતાં ઉકાઈના તાપ્તી રેન્જના ફોરેસ્ટર સહિત લાકડાં તસ્કરી કરતી કારમાં સવાર એક શખ્સનું અકસ્માતમાં ઘટના સ્થળે જ મોત નીપજ્યાં હતાં.

મળતી માહિતી મુજબ ગતરોજ મળસકે 3 વાગ્યાના અરસામાં ખેરનાં લાકડાં ભરીને જતી ઈનોવા કાર અને ઈનોવાનો પીછો કરી રહેલા ઉકાઈના તાપ્તી રેન્જના ફોરેસ્ટર વિકાસભાઈ નાગજીભાઈ દેસાઈ (ઉં.વ.32) (રહે.,પુરુષોત્તમ નગર, ચાંદલોડિયા, અમદાવાદ) ની બલેનો કાર નં.(GJ 01 WU 8920) સોનગઢના જૂના RTO ચેકપોસ્ટ પાસે સુરત-ધુલિયા નેશનલ હાઈવે નં.53 પર ઊભેલા કન્ટેનર સાથે ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેમાં લાકડાની તસ્કરી કરતી ઈનોવા કારમાં સવાર રીહાન જીવુભાઈ ગામીત (ઉં.વ.23) (રહે.,ટાંકી ફળિયું, સરજામલી, તા.ઉકાઈ, જિ.તાપી) નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. લાકડાં તસ્કરી કરતી કારનો પીછો કરવા જતાં RFOનું અકસ્માતમાં મોત થતાં વન વિભાગનાં કર્મચારીઓ શોકનો માહોલ જોવા મળ્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાંથી મહારાષ્ટ્રમાં ચોરીનાં ખેરનાં લાકડાંની તસ્કરી કરતી પૂરઝડપે જતી ઈનોવા કાર કન્ટેનર સાથે અથડાતાં કારનો કચ્ચરઘાણ વળી ગયો હતો. તેમજ પીછો કરી રહેલા RFOની કારના આગળના ભાગનો કચ્ચરઘાણ થયો હતો. ઘટનામાં ફોરેસ્ટરનું મોત થતાં વન વિભાગનાં અધિકારીઓ સહિત કર્મચારીઓમાં શોકનું મોજું ફરી વળ્યું હતું.

### વનની રક્ષા કરતા શહીદ થયેલા RFO વિકાસ દેસાઈને અશ્રુભીની વિદાય



વ્યારાઃ અકસ્માતમાં મૃત્યુ પામનાર 32 વર્ષીય RFO વિકાસ દેસાઈને રાજ્યના વન અને પર્યાવરણ મંત્રી અર્જુન મોઢવાડિયા સહિત વન વિભાગના અધિકારીઓએ ભાવભીની શ્રદ્ધાંજલિ અર્પી હતી. વનમંત્રીએ તેમના બલિદાનને વન વિભાગ માટે અપૂરણીય ક્ષતિ ગણાવી પરિવારને સાંત્વના પાઠવી હતી. પાંચ વર્ષના પુત્ર સહિત પરિવારને શોકમાં મૂકીને વિદાય લેનારા વિકાસ દેસાઈનું બલિદાન હંમેશાં યાદ રહેશે તેવી ભાવુક શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.

# ગેટ ૨૦૨૭ માટે અરજી પ્રક્રિયા ૧૪ ઓગસ્ટથી શરૂ થશે

**IIT** મદ્રાસે સંપૂર્ણ શિડ્યુલ જાહેર કર્યું, લેઇટ ફી વગર અરજી માટે ૨૧ સપ્ટેમ્બર અને લેઇટ ફી સાથે ૩૦ સપ્ટેમ્બર સુધી તક

સુરતઃ એન્જિનિયરિંગ ક્ષેત્રમાં ઉચ્ચ અભ્યાસ તેમજ સરકારી અને જાહેર ક્ષેત્રની પ્રતિષ્ઠિત સંસ્થાઓમાં કારકિર્દી બનાવવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે મહત્ત્વના સમાચાર સામે આવ્યા છે. ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (આઈઆઈટી) મદ્રાસે ગ્રેજ્યુએટ એપ્ટિટ્યૂડ ટેસ્ટ ઈન ઈજિનિયરિંગ (ગેટ) ૨૦૨૭ માટેનું અધિકૃત શિડ્યુલ જાહેર કર્યું છે. આ સાથે જ પરીક્ષા માટેની વિવિધ પ્રક્રિયાઓની મહત્વપૂર્ણ તારીખોની પણ જાહેરાત કરવામાં આવી છે.

જાહેર કરાયેલા કાર્યક્રમ મુજબ ગેટ ૨૦૨૭ માટેની ઓનલાઈન અરજી પ્રક્રિયા ૧૪ ઓગસ્ટ, ૨૦૨૬થી શરૂ થશે. ઉમેદવારો લેઈટ ફી વગર ૨૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ સુધી અરજી કરી શકશે. જ્યારે લેઈટ ફી સાથે અરજી કરવાની છેલ્લી તારીખ ૩૦ સપ્ટેમ્બર, ૨૦૨૬ નક્કી કરવામાં આવી છે. આ ઉપરાંત, અરજીમાં જરૂરી ફેરફાર અથવા સુધારા કરવાની પ્રક્રિયા ૧૪ ઓક્ટોબર, ૨૦૨૬થી શરૂ થશે. આઈઆઈટી મદ્રાસે ઉમેદવારોને સમયમર્યાદાનું પાલન કરીને અરજી પ્રક્રિયા પૂર્ણ કરવાની સલાહ આપી છે. ગેટ પરીક્ષા દેશની પ્રતિષ્ઠિત ઈજિનિયરિંગ પ્રવેશ પરીક્ષાઓમાંની એક છે. આ પરીક્ષાના સ્કોરના આધારે ઉમેદવારોને આઈઆઈટી, એનઆઈટી સહિતની ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં પ્રવેશ મેળવવાની તેમજ વિવિધ જાહેર ક્ષેત્રની કંપનીઓમાં ભરતીની તક મળે છે. તેથી ગેટ ૨૦૨૭ની તૈયારી કરી રહેલા ઉમેદવારો માટે આ શિડ્યુલ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે.

# સુરત જિલ્લામાં 36,397 હેક્ટરમાં વિવિધ ખેતીપાકોની વાવણી પૂર્ણ

**ડાંગરનું** 13,063, શાકભાજીનું 7,644 અને ઘાસચારાનું 4,369 હેક્ટરમાં વાવેતર સૌથી વધુ

**મોડે** મોડે પણ અનુકૂળ આવેલા વરસાદના પગલે ખેડૂતોમાં ઉત્સાહ

સુરતઃ સુરત જિલ્લામાં ચોમાસાની અનુકૂળ શરૂઆત અને પૂરતા વરસાદને કારણે ખેડૂતોમાં ખરીફ સિઝનની વાવણીને લઈને ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા જાહેર કરાયેલી માહિતી મુજબ જિલ્લામાં અત્યાર સુધી કુલ 36,397 હેક્ટર વિસ્તારમાં વિવિધ ખરીફ પાકોની વાવણી પૂર્ણ થઈ ગઈ છે.

વરસાદની અનુકૂળ પરિસ્થિતિને કારણે ખેડૂતો સમયસર વાવણી તરફ આગળ વધ્યા છે, જેના કારણે કૃષિ ક્ષેત્રમાં સકારાત્મક માહોલ જોવા મળી રહ્યો છે. જિલ્લામાં સૌથી વધુ 13,063 હેક્ટર વિસ્તારમાં ડાંગરનું વાવેતર થયું છે.

સુરત જિલ્લામાં ડાંગર મુખ્ય ખરીફ પાક હોવાથી મોટા પ્રમાણમાં ખેડૂતો આ પાક તરફ વળ્યા છે. ત્યારબાદ શાકભાજીના પાકનું 7,644 હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે, જે દર્શાવે છે કે જિલ્લાના ખેડૂતો પરંપરાગત પાકો ઉપરાંત બાગાયતી પાકોને પણ પ્રાધાન્ય આપી રહ્યા છે. ખેતીવાડી વિભાગના આંકડા મુજબ ઘાસચારાનું 4,369 હેક્ટર, સોયાબીનનું 3,305 હેક્ટર, મકાઈનું 2,933 હેક્ટર અને તુવેરનું 2,838 હેક્ટર વિસ્તારમાં વાવેતર પૂર્ણ થયું છે. જ્યારે બાજરીનું 1,054 હેક્ટર અને કપાસનું 946 હેક્ટર વિસ્તારમાં વાવેતર નોંધાયું છે. જિલ્લા ખેતીવાડી વિભાગના જણાવ્યા અનુસાર મોડે મોડે ચોમાસાના અનુકૂળ વરસાદને કારણે ખેડૂતોને વાવણીમાં ખાસ મુશ્કેલી પડી નથી. આગામી દિવસોમાં પણ વરસાદની સ્થિતિ અનુકૂળ રહેશે તો બાકીના વિસ્તારોમાં પણ વાવણીની કામગીરી ઝડપથી પૂર્ણ થવાની શક્યતા છે.

ખેતી નિષ્ણાતોના જણાવ્યા મુજબ સમયસર થયેલી વાવણી પાકના વિકાસ માટે લાભદાયી સાબિત થઈ શકે છે. જો આગામી દિવસોમાં વરસાદનું પ્રમાણ સંતુલિત રહેશે તો આ વર્ષે ખરીફ પાકના સારા ઉત્પાદનની આશા વ્યક્ત કરવામાં આવી રહી છે. વિભાગ દ્વારા ખેડૂતોને પાકની જાળવણી, ખાતર વ્યવસ્થાપન તેમજ જીવાત નિયંત્રણ અંગે જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવી રહ્યું છે, જેથી પાકનું ઉત્પાદન અને ગુણવત્તા બંનેમાં વધારો થઈ શકે.

કરદાતા અને ટેક્સ પ્રેક્ટિશનરોને મોટો ફાયદો

# સુરતમાં ઓગસ્ટથી GST એપેલેટ ટ્રિબ્યુનલની બેન્ચ કાર્યરત થઈ જશે

**અમદાવાદ** ઉપરાંત હવે સુરત અને રાજકોટમાં 3 ઓગસ્ટથી બેન્ચ શરૂ થશે

**અંકલેશ્વરથી** ઉંમરગામના અપીલના કેસોની સુનાવણી સુરતમાં હાથ ધરાશે

### મેમ્બર નિયુક્ત થયા, પરંતુ ગવર્નમેન્ટના એજન્ટ નક્કી થયા નથી

અપીલના કેસોમાં ટ્રીબ્યુનલ બેન્ચના મેમ્બર નક્કી થઈ ગયા છે, પરંતુ છ મહિના સુધી અપીલ એડમિટ કરવા સિવાય કોઈ કામગીરી થશે નહીં. કારણ કે હજુ સુધી ગર્વમેન્ટ દ્વારા એજન્ટ નક્કી કરાયા નથી. તેથી અપીલમાં કોણ દલીલ કરશે તે નક્કી નથી. આ મામલે સુરતના જીએસટી પ્રેક્ટિશનર્સ આવતીકાલે ટ્રિબ્યુનલ સમક્ષ રજૂઆત કરનાર છે.

સુરતઃ ભારત સરકારના નાણાં મંત્રાલય હેઠળના મહેસૂલ વિભાગ દ્વારા જીએસટી સંબંધિત વિવાદોના ઝડપી નિકાલ માટે એક મહત્ત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

ગુડ્સ એન્ડ સર્વિસીસ ટેક્સ એપેલેટ ટ્રિબ્યુનલ (GSTAT) ની સુરત, રાજકોટ અને અમદાવાદ બેન્ચ આગામી 3 ઓગસ્ટ, 2026થી સત્તાવાર રીતે કેસોની સુનાવણી શરૂ કરવા જઈ રહી છે. સુરતમાં વેસુ ખાતે બેન્ચ શરૂ થશે. ઉંમરગામથી અંકલેશ્વર સુધીના તમામ કેસો સુરતની બેન્ચમાં ચાલશે. જેથી દક્ષિણ ગુજરાતના કરદાતાઓને મોટો ફાયદો થશે. અમદાવાદના ધક્કાં બંધ થશે.

સુરત ટેક્સટાઈલ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રીનું મોટું હબ હોવાથી અહી જીએસટી સંબંધિત વિવાદોના કેસો પણ મોટા પ્રમાણમાં હોય છે. સુરતમાં બેન્ચ શરૂ થવાથી આ કેસોનો સ્થાનિક કક્ષાએ ગુજરાતમાં જ ઝડપી નિકાલ આવશે. અગાઉ જીએસટીના હાઈકોર્ટ સિવાયના એપેલેટ વિવાદો માટે ઘણીવાર દિલ્હી સુધી લંબાવું પડતું હતું.

હવે ગુજરાતમાં જ સુનાવણીની વ્યવસ્થા થતાં સુરતના વેપારીઓ અને ટેક્સ કન્સલ્ટન્ટ્સ માટે સમય અને નાણાં બંનેની મોટી બચત થશે. અમદાવાદ બેન્ચ દ્વારા ઓનલાઈન કોઝ-લિસ્ટ અને આધુનિક વ્યવસ્થા ઊભી કરાતી હોવાથી સુરતના વકીલો અને સીએ પોતાની ઓફિસ બેઠા જ કેસનું સ્ટેટસ ટ્રેક કરી શકશે.

# નવી મૂલ્યાંકન પદ્ધતિના અમલમાં ગુજરાત દેશનું પ્રથમ રાજ્ય બન્યું

**સાત** જિલ્લાના શિક્ષણાધિકારીઓ માટે સુરતમાં ઝોનલ સેમિનાર યોજાયો



સુરતઃ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ-2020 અંતર્ગત વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને કેન્દ્રસ્થાને રાખતી હોલીસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ (HPC) પદ્ધતિના અમલીકરણમાં ગુજરાતે દેશભરમાં પ્રથમ રાજ્ય બનવાનું ગૌરવ મેળવ્યું છે. આ રાજ્યવ્યાપી પહેલની શરૂઆત સુરતના અલથાણ સ્થિત બ્રોડ વે ઈન્ટરનેશનલ સ્કૂલમાં યોજાયેલા સુરત ઝોનના સેમિનારથી કરવામાં આવી હતી.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા આયોજિત આ એક દિવસીય ઝોનલ સેમિનારમાં સુરત, તાપી, ભરૂચ, નવસારી, નર્મદા, વલસાડ અને ડાંગ જિલ્લાના શિક્ષણ અધિકારીઓ, નોડલ અધિકારીઓ અને શિક્ષણવિદોએ ભાગ લીધો હતો.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના ચેરમેન મુકેશભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, હોલીસ્ટિક પ્રોગ્રેસ કાર્ડ માત્ર પરીક્ષાના ગુણ સુધી મર્યાદિત નથી, પરંતુ વિદ્યાર્થીની શૈક્ષણિક સિદ્ધિઓ સાથે તેની સર્જનાત્મકતા, જીવન મૂલ્યો, નેતૃત્વ ક્ષમતા, સંવાદ કૌશલ્ય, રમતગમત, કલા, સામાજિક અને ભાવનાત્મક વિકાસ જેવાં વિવિધ પાસાઓનું સતત અને વ્યાપક મૂલ્યાંકન કરશે. આ નવી મૂલ્યાંકન પદ્ધતિ શિક્ષણની ગુણવત્તામાં સુધારો લાવવા માટે મહત્વપૂર્ણ સાબિત થશે. બોર્ડના સંયુક્ત નિયામક બી. એન. રાજગોરે હોલીસ્ટિક પ્રોગ્રેસ કાર્ડના ઉદ્દેશો, મૂલ્યાંકન પ્રક્રિયા અને તેના અસરકારક અમલીકરણ અંગે માર્ગદર્શન આપ્યું હતું. સેમિનારમાં સુરત જિલ્લા શિક્ષણાધિકારી ભગીરથસિંહ પરમાર, જોઈન્ટ સેક્રેટરી ડૉ. એન.ડી. પટેલ, નવી દિલ્હીના પ્રશાંત સિંહ પરખ, આંધ્ર પ્રદેશના ડિરેક્ટોરેટ ઓફ ગવર્નમેન્ટ એક્ઝામિનેશન્સ (DGE) ના પ્રતિનિધિ શકુંતલા વટ્ટી, બ્રોડ વે ઈન્ટરનેશનલના ટ્રસ્ટી હર્ષદરાય માવાણી, આચાર્ય રચનાબેન દેસાઈ સહિત સુરત ઝોનના તમામ જિલ્લાના શિક્ષણ અધિકારીઓ અને નોડલ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સાપ-વીંછી કરડે તો ભુવા નહીં, સીધા હોસ્પિટલમાં જવુ જોઈએ

**આરોગ્ય** રાજ્યમંત્રી પ્રફુલ પાનશેરીયાની અપીલ



સુરતઃ ચોમાસાની ઋતુમાં સાપ અને વીંછી કરડવાના બનાવોમાં અંધશ્રદ્ધાને કારણે લોકો સમયસર સારવારથી વંચિત ન રહે તે આરોગ્ય રાજ્યમંત્રી પ્રફુલભાઈ પાનશેરીયાએ સુરત જિલ્લાના કામરેજ તાલુકાના ઓરણા ગામના પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (PHC)ની મુલાકાત લઈને આશા વર્કર બહેનો સાથે સંવાદ સાધ્યો હતો.

આરોગ્ય મંત્રી પ્રફુલભાઈએ જણાવ્યું હતું કે, ચોમાસામાં સાપ કે વીંછી કરડવાના બનાવોમાં ઘણીવાર લોકો સારવાર માટે હોસ્પિટલમાં જવાના બદલે ભગત-ભુવા અથવા અન્ય અંધશ્રદ્ધાળુ ઉપાયો તરફ વળે છે. આવા નિર્ણયો દર્દી માટે જીવલેણ સાબિત થઈ શકે છે, કારણ કે સમયસર યોગ્ય તબીબી સારવાર ન મળવાથી ગંભીર પરિણામો ભોગવવા પડે છે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે, સાપ અથવા વીંછી કરડવાની ઘટનામાં સૌથી પહેલું અને સૌથી યોગ્ય પગલું નજીકના સરકારી આરોગ્ય કેન્દ્ર અથવા હોસ્પિટલમાં પહોંચવાનું છે. સરકારી આરોગ્ય કેન્દ્રોમાં જરૂરી દવાઓ, સારવાર અને પ્રશિક્ષિત તબીબી સ્ટાફ ઉપલબ્ધ હોવાથી દર્દીને સમયસર સારવાર મળી શકે છે અને તેનો જીવ બચાવી શકાય છે. આશા વર્કર બહેનોને જણાવ્યું કે તેઓ ગામડાંના લોકો સાથે સતત સંપર્કમાં રહે છે, તેથી સમાજમાં અંધશ્રદ્ધા દૂર કરવામાં તેમની ભૂમિકા અત્યંત મહત્વપૂર્ણ છે.

# ટ્રેનમાં માત્ર બ્રાન્ડેડ શૂઝનો ચોર ઝડપાયો

સુરતઃ સુરત રેલવે સુરક્ષા બળ (RPF) એ ગુપ્ત દેખરેખ દરમિયાન રેલવે સ્ટેશન અને ચાલુ ટ્રેનોમાં મુસાફરોની નજર ચૂકવીને માત્ર મોંઘા અને બ્રાન્ડેડ શૂઝની ચોરી કરતાં એક શાતિર ચોરને ઝડપી પાડ્યો છે. પકડાયેલો આરોપી માત્ર શૂઝ ચોરી કરવાના ઇરાદે જ રેલવે સ્ટેશન પર આવતો હતો અને તક મળતાં જ મુસાફરોની મોંઘી કિંમતી શૂઝની જોડી લઈને ફરાર થઈ જતો હતો.

ગઈ તા. 17 જુલાઈના રોજ પ્લેટફોર્મ નંબર-1 પર ગુના નિયંત્રણની ફરજ પર તૈનાત હેડ કોન્સ્ટેબલ જીવન નાંદલે અને હેડ કોન્સ્ટેબલ મનોજ કુમારે શંકાસ્પદ હિલચાલ બદલ એક યુવકને અટકાવી પૂછપરછ માટે આરપીએફ પોસ્ટ પર લાવ્યા હતા.

પોલીસ પૂછપરછમાં આરોપીએ પોતાનું નામ અબુ (ઉં.વ.૩૫, રહે., સંતોષી નગર, નવાગામ, ડિંડોલી, સુરત) હોવાનું જણાવ્યું હતું. તેની આકરી પૂછપરછ કરાતાં તેણે પોતાની પાસે રહેલા ચોરીના બ્રાન્ડેડ શૂઝ કાઢીને પોલીસને સોંપ્યા હતા અને સ્વીકાર્યું હતું કે તે માત્ર ચોરીના ઇરાદે જ સ્ટેશન આવ્યો હતો. આરોપીની પૂછપરછમાં સામે આવ્યું છે કે તે રેલવે સ્ટેશન અને ટ્રેનોમાં એવા મુસાફરો પર નજર રાખતો હતો, જેઓ પોતાના મોંઘા કે બ્રાન્ડેડ શૂઝ ઉતારીને ટ્રેનમાં સૂઈ જતાં હતા અથવા પ્લેટફોર્મ પર બેદરકારીથી મૂકી રાખતા હતા, તે તક મળતાં જ ઉઠાવીને ભીડનો લાભ લઈ ગાયબ થઈ જતો હતો.

તેણે આવી 20થી વધુ ચોરીની ઘટનાઓને અંજામ આપ્યો હોવાની કબૂલાત કરી છે. પકડાયેલા શૂઝના કોઈ મૂળ માલિક કે દાવેદાર ન મળતાં આરપીએફ દ્વારા આરોપીને આગળની કાયદેસરની કાર્યવાહી માટે સુરત રેલવે પોલીસને સોંપવામાં આવ્યો છે, જ્યાં તેની સામે બીએનએસએસની કલમ ૧૨૮ અને ૩૫(૨) હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરાઈ છે.

# દીપડો અમદાવાદના ઘુમા સુધી પહોંચી જતાં ગભરાટનો માહોલ

**મરઘાનું** મારણ કર્યું હોવાનો પુરાવા

**4** પાંજરાં ગોઠવાયાં, થર્મલ ડ્રોનથી સર્ચ

અમદાવાદ : અમદાવાદ શહેરના છેવાડાના ઘુમા-શેલા વિસ્તારમાં આવેલા શરણદીપ સોસાયટીમાં દીપડો ઘૂસી આવવાની ઘટનાએ સ્થાનિકોમાં ભારે ભયનો માહોલ સર્જ્યો છે.

મોડી રાત્રે સોસાયટીમાં દેખાયેલા દીપડાની હાજરીની વન વિભાગે સત્તાવાર જાહેરાત કરી હતી. CCTV ફૂટેજમાં દીપડાના પંજાના નિશાન અને વિસ્તારમાં એક મરઘાનું મારણ થયાના પુરાવા મળ્યા બાદ વન વિભાગે દીપડાને પકડવા માટે સઘન સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. આ વિસ્તારમાં ચાર પાંજરા ગોઠવવામાં આવ્યા છે, જ્યારે થર્મલ ડ્રોન અને ટ્રાન્કવિલાઈઝર ગન સાથે વિશેષ ટીમ તૈનાત કરવામાં આવી છે.

વન વિભાગના સત્તાવાર સુત્રોના જણાવ્યા પ્રમાણે શહેરના ઘુમા વિસ્તારમાં દીપડાની હાજરી હોવાના પુરાવ હાથ લાગ્યા છે, તેથી સમગ્ર વન વિભાગ હાઈ એલર્ટ પર છે. તપાસ દરમિયાન દીપડાએ એક મરઘાનું મારણ કર્યું હોવાના પુરાવા પણ મળ્યા છે. દીપડાને સુરક્ષિત રીતે પકડવા માટે વન વિભાગ અને કાંકરિયા પ્રાણીસંગ્રહાલયની સંયુક્ત ટીમ સતત કામગીરી કરી રહી છે.

શહેરના ઘુમા ગામથી શેલા તરફ જવાના માર્ગ પર આવેલી શરણદીપ સોસાયટીમાં રાત્રે આશરે 1:50 વાગ્યે દીપડો કોટ કૂદીને અંદર પ્રવેશ્યો હતો. તે સમયે ત્યાંથી કાર લઈને પસાર થતી એક યુવતીએ પણ દીપડાને નજરોનજર જોયો હતો. બાદમાં સોસાયટીના CCTV કેમેરામાં દીપડાની હિલચાલ સ્પષ્ટ રીતે કેદ થઈ હતી. વન વિભાગ અને કાંકરિયા પ્રાણીસંગ્રહાલયના અધિકારીઓએ તપાસ દરમિયાન સોસાયટીમાં ત્રણથી ચાર સ્થળોએ દીપડાના પંજાના નિશાન પણ શોધી કાઢ્યા હતા.

વન વિભાગે દીપડાને પકડવા માટે વ્યૂહાત્મક સ્થળોએ ચાર પાંજરા ગોઠવ્યા છે. કોઈપણ કટોકટીની સ્થિતિને પહોંચી વળવા માટે શૂટર્સની ટીમ ટ્રાન્કવિલાઈઝર ગન સાથે સ્થળ પર તૈનાત રાખવામાં આવી છે. આ ઉપરાંત રાત્રિના અંધકારમાં પણ દીપડાનું ચોક્કસ લોકેશન શોધી શકાય તે માટે અત્યાધુનિક થર્મલ ડ્રોનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

વન વિભાગના જણાવ્યા પ્રમાણે દીપડો એક જ રાતમાં પાંચથી પચાસ કિલોમીટર સુધીનું અંતર કાપી શકે છે. આથી ઘુમા ઉપરાંત શેલા, બોપલ અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોમાં પણ સાવચેતી રાખવા સૂચના આપવામાં આવી છે. વીઆઈપી રોડ સહિત આસપાસના વિસ્તારોમાં નાઈટ પેટ્રોલિંગ વધારીને સર્ચ ઓપરેશન સતત ચાલુ રાખવામાં આવ્યું છે. આ ઘટનાને પગલે સ્થાનિક રહેવાસીઓમાં ભારે ગભરાટ ફેલાયો છે.

વન વિભાગે લોકોને ખાસ કરીને રાત્રિના સમયે બિનજરૂરી બહાર ન નીકળવા, બાળકોને એકલા ન મોકલવા અને કોઈપણ શંકાસ્પદ હિલચાલ જોવા મળે તો તાત્કાલિક વન વિભાગ અથવા પોલીસને જાણ કરવા અપીલ કરી છે.

# દહેજમાં રૂ. ૨૧૫૩ કરોડના ડ્રગ્સના જથ્થાનો નાશ કરાયો

**21** મહત્ત્વના કેસોના 278 પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને કુલ રૂ.59.42 લાખના ઇનામથી સન્માનિત કરાયા

ગાંધીનગર, ભરૂચઃ ભરૂચના દહેજ ખાતે એક જ દિવસમાં રાજ્યના 24 પોલીસ એકમો દ્વારા જુદા જુદા કેસોમાં જપ્ત કરાયેલા રૂ. 2,153 કરોડના નાર્કોટિક્સનો વૈજ્ઞાનિક પદ્ધતિથી નાશ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે ગુજરાત પોલીસે આંતરરાષ્ટ્રીય ડ્રગ્સ સ્મગલિંગ નેટવર્કની કમર તોડી નાખી છે અને હવે ડ્રગ્સ નેટવર્ક સાથે સંકળાયેલા દરેક ગુનેગાર સામે વધુ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે. કાર્યક્રમ દરમિયાન નાયબ મુખ્યમંત્રી સંઘવીએ ડ્રગ્સ નિકાલ સમિતિના સભ્યો સાથે જપ્ત કરાયેલા નાર્કોટિક્સનું નિરીક્ષણ કર્યું હતું. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના ‘ડ્રગ્સ ફ્રી ઈન્ડિયા’ના આહ્વાન અને ‘ઝીરો ટોલરન્સ’ની નીતિ હેઠળ રાજ્યના 24 પોલીસ એકમો દ્વારા 867 ગુનાઓમાં જપ્ત કરાયેલા કુલ 13,249.127 કિલોગ્રામ ડ્રગ્સ તથા 5,71,028 બોટલોનો નાશ કરવામાં આવ્યો હતો. ત્યારબાદ GACL ખાતે ગુજરાત પોલીસની એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ દ્વારા તૈયાર કરાયેલી NDPS હેન્ડબુકનું વિમોચન કરવામાં આવ્યું. તપાસ અધિકારીઓને કાયદાની જોગવાઈઓ અને તપાસ પ્રક્રિયામાં માર્ગદર્શન મળે તે હેતુથી આ હેન્ડબુક તૈયાર કરવામાં આવી છે. કાર્યક્રમ દરમિયાન ‘ડ્રગ મુક્ત ગુજરાત’ વિષયક જાગૃતિ ફિલ્મ અને વ્યસનમુક્ત થયેલા યુવાનોના અનુભવો દર્શાવતી વિશેષ રજૂઆત પણ કરવામાં આવી હતી.

કાર્યક્રમ દરમિયાન રાજ્ય સરકારની ‘ડ્રગ્સ રિવોર્ડ પોલિસી’ હેઠળ ડ્રગ્સ સામે ઉત્કૃષ્ટ કામગીરી કરનાર 21 મહત્ત્વના કેસોના 278 પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને કુલ રૂ.59.42 લાખના ઈનામથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આ પ્રસંગે રાજ્યના પોલીસ વડા જી. એસ. મલિક, સીઆઈડી ક્રાઈમના અધિકારીઓ, જિલ્લા વહીવટી તંત્રના અધિકારીઓ તથા લોકપ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દહાણુમાં આવેલી જ્વેલર્સની દુકાનમાં બંદૂકની અણીએ લૂંટથી સનસનાટી

**બંદૂકની** અણીએ ત્રણ જેટલા લુંટારાઓ લાખો રૂપિયાના દાગીના લૂંટીને બાઈક ઉપર ફરાર થઈ ગયા




ઉમેશ સોલંકી

ઉમરગામ : મહારાષ્ટ્રના દહાણુ ન્યુ લક્ષ્મી જ્વેલર્સ દુકાનમાં ધોળા દિવસે લૂંટની ઘટનાથી ચકચાર મચી ગઈ છે. બંદૂકની અણીએ ત્રણ જેટલા લૂંટારાઓ લાખો રૂપિયાના દાગીના લૂંટીને બાઈક ઉપર ફરાર થઈ ગયા હતા. સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ છે અને પોલીસે આરોપીને પકડી પાડવા ચક્ર ગતિમાન કર્યા છે.

બનાવ અંગે સૂત્રો પાસેથી મળતી વિગતો મુજબ ઉમરગામને અડીને આશરે વીસેક કિલોમીટરના અંતરે મહારાષ્ટ્રનું દહાણુ શહેર આવેલું છે. સોમવારે સાંજના 4:30 વાગ્યાના સુમારે દહાણુ ઈરાની રોડ પર આવેલી ન્યુ લક્ષ્મી જ્વેલર્સ નામની દુકાનમાં ત્રણ જેટલા સશસ્ત્ર લૂંટારું ઈસમો ત્રાટક્યા હતા અને હવામાં ફાયરિંગ કર્યું હતું. ત્યારબાદ દુકાનમાં ઘૂસી ગયા હતા અને બંદૂકની અણીએ દુકાનદારને ડરાવી ધમકાવીને સોના ચાંદીના દાગીના લાખો રૂપિયાના દાગીના એક કોથરામાં ભરીને બિન્દાસ બાઈક ઉપર નાસી ગયા હતા. આ સમગ્ર ઘટના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળ્યો હતો.

ઘટનાની જાણ થતા જ દહાણુ પાલઘર જિલ્લાની પોલીસ દોડી આવી લૂંટારોને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. કહેવાય છે કે લૂંટારો પાસે હથિયાર અને બંદૂક હોય દુકાનદાર તથા બહાર ઊભેલા લોકો ડરી ગયા હતા અને પ્રતિકાર કરી શક્યા ન હતા. આ ઘટનાને પગલે સ્થાનિક વેપારીઓમાં ભયનો માહોલ છવાઈ ગયો હતો.